
# 'યુવા મતદાર - યુવક મહોત્સવ'માં ગોઢાણીયા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓની સિધ્ધિઓ

પોરબંદર

પોરબંદર ખાતેની ડો. વી.આર. ગોઢાણીયા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ અભ્યાસની સાથોસાથ અભ્યાસેતર પ્રવૃતિઓ તથા સ્પર્ધાઓમાં અવ્વલ વિજેતાક્રમાંક પ્રાપ્ત કરી તેઓ પોતે નામના મેળવી જ રહી છે. સાથોસાથ ડો. વી.આર. ગોઢાણીયા મહિલા કોલેજને પણ ગૌરવ અપાવી રહી છે.

ગુજરાત સરકાર દ્વારા આયોજીત 'યુવા મતદાર - ૨૦૧૩' અંતર્ગત કેટલીક સ્પર્ધાઓનુ આયોજન કરાયુ હતુ. જેમાં મહિલા કોલેજની કેટલીક ઉત્સાહી વિદ્યાર્થીનીઓએ જીંગલ્સ - ગીત લેખન, મેસ્કોટ - પોસ્ટર ડિઝાઈનીંગ તથા ટુંકી એડ ફિલ્મ



સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જીંગલ્સ ગીત લેખન સ્પર્ધામાં મહિલા કોલેજની બીનીતા મહેતા બી.એ. સેમેસ્ટર - ૫ની વિદ્યાર્થીનીએ પ્રથમ વિજેતા ક્રમાંક મેળવ્યો. મેસ્કોટ - પોસ્ટર ડિઝાઈનીંગ સ્પર્ધામાં મહિલા કોલેજની નયના મકવાણા - બી.એ. સેમેસ્ટર - ૫ની વિદ્યાર્થીનીએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો તથા ટુંકી એડ ફિલ્મ સ્પર્ધામાં મહિલા કોલેજની જોશી હિરલ તથા ગ્રુપે (બી.કોમ. સેમેસ્ટર - ૫) પ્રથમ વિજેતા ક્રમાંક તથા પુજા સીસોદીયા તથા નિરાલી થાનકીએ બી.એ. સેમેસ્ટર - ૫ દ્વિતીય વિજેતા ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. જીલ્લાકક્ષાની સ્પર્ધાઓમાં વિજેતા બનેલી આ તમામ વિદ્યાર્થીનીઓની કૃતિઓને હવે રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે ગાંધીનગર ખાતે રજુ કરવામાં આવશે.